ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૪/૨૩–૨૪/ 269 તારીખ : 22 MAR 2024

**આર.પી.એ.ડી.**

કેસ નં.૮૪/૨૩–૨૪

પ્રતિ,
**મે.સુંદરમ પ્લાસ્ટિક,**
પ્લોટ નં–૨૫૫૧, ફેઈઝ–૪,
જીઆઈડીસી,
મું.વઢવાણ,
જી.સુરેન્દ્રનગર–૩૬૩ ૫૩૦

મો.નં– ૯૯૭૮૭ ૩૩૦૩૩

**વિષય : વીજભાર વધારાનું અંદાજપત્ર રદ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરીને મળ્યા તા.૨૬/૦૨/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૪/૨૩–૨૪/૧૭૪ તા.૨૭/૦૨/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૪/૨૩–૨૪/૧૮૭ તા.૦૧/૦૩/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૫/૦૩/૨૦૨૪ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પ. ગુ.વી. ક. લિ., **શહેર પેટા વિભાગીય કચેરી–૨**, સુરેન્દ્રનગર.

P.G.V.C.L. Bhavnagar. Grievances Redressal Forum

# ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૮૪/૨૩–૨૪ ☜

વાદી :– મે.સુંદરમ પ્લાસ્ટીક

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજૂઆતની તારીખઃ– તા.૧૫/૦૩/૨૦૨૪ ◈

હાજર રહયા :– શ્રી મેહુલભાઈ એન.પટેલ (વાદી ના અધિકૃત પ્રતિનિધિ)
પ્રતિવાદી :– શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે.સુંદરમ પ્લાસ્ટીક, મું.વઢવાણ, તા.જી.સુરેન્દ્રનગરની વીજભાર વધારાનું અંદાજપત્ર રદ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૪/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૮૪/૨૩–૨૪/૧૭૪ તા.૨૭/૦૨/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૫/૦૩/૨૦૨૪** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી મે. સુંદરમ પ્લાસ્ટીક વતી તેમના અધિકૃત પ્રતિનિધિ શ્રી મેહુલભાઈ એન પટેલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજૂઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ મે. સુંદરમ પ્લાસ્ટીક, સુરેન્દ્રનગર શહેર–૨ પેટા વિભાગીય કચેરીના ગ્રાહક છે. તેઓ ગ્રાહક નં– ૭૨૬૦૧/૨૧૦૭૭/૧ થી ૧૦૦ કિ.વો નું ૨૧/૦૭/૨૦૦૪ થી ઔધોગીક વિજ કનેકશન ધરાવે છે.

૧.૨ વાદીની રજૂઆત છે કે, તેઓ જીઆઈડીસી માં પ્લોટ નં–૨૫૧૧, ફેઈઝ–૪, વઢવાણ ખાતે એલ.ટી.વીજ જોડાણ ધરાવીએ છીએ. વીજ કચેરી દ્વારા તા.૧૧/૧૦/૨૦૨૩ ના રોજ સદર વીજ જોડાણમાં વીજ વપરાશમાં વધારો થવાથી એલ.ટી.માંથી એચ.ટી.વીજ જોડાણ કરવા માટે એસ્ટીમેટ આપેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ વાદીની રજૂઆત છે કે, અમારા વીજ જોડાણમાં ગયા વર્ષે ૧૦૦ થી ઉપર લોડ ગયેલ હતો. પણ હવે લોડ વધી શકે તેમ નથી. અમારા મશીનમાં વાયરીંગ શોટ સરકીટ થવાથી લોડ વધી જતો હતો. તેમજ કેપેસીટર પણ ખરાબ થઈ ગયેલ હતું. પરંતુ, હવે પછી લોડ વધી શકશે નહી. તેમજ વાદી જણાવે છે કે, અમો દ્વારા એક મશીન પણ ઓછુ કરેલ છે અને કારખાનામાં ટીસી, વીસીબી, એલબીસી, લગાવી શકાય તેવી જગ્યા પણ નથી. જેથી અમોને આપવામાં આવેલ એસ્ટીમેટ રદ કરવું.

<u>પ્રતિવાદીશ્રીની રજૂઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજૂઆત છે કે...

૨.૧ મે.સુંદરમ પ્લાસ્ટીક, સુરેન્દ્રનગર શહેર–૨ પેટા વિભાગીય કચેરીના ગ્રાહક છે. તેઓ ગ્રાહક નં–૭૨૬૦૧/૨૧૦૭૭/૦ થી ૧૦૦ કિ.વો.નું ૨૧/૦૭/૨૦૦૪ થી ઔધોગીક વિજ કનેકશન સુરેન્દ્રનગર શહેરના જીઆઈડીસી વિસ્તારમાં ધરાવે છે.

૨.૨ સપ્લાય કોડ–૨૦૧૫ ની શરત ૪.૯૫ મુજબ સંદર ગ્રાહકને વીજભાર વધારો કરવાનો થાય છે.

" સપ્લાય કોડ ની શરત નં–૪.૯૫ મુજબ માંગ આધારીત એલ.ટી.વીજ જોડાણના કેસોમાં જો નોંધાયેલ અધિકતમ માંગ, છેલ્લા નાણાંકીય વર્ષ દરમ્યાન ઓછામાં ઓછું ૪ વખત ૫ % કે તેથી વધુ કરાર માંગ થી વધેલ હોય તો, પરવાનેદાર ગ્રાહકને વીજભાર વધારા માટે અરજી પત્રક રજૂ કરવા ૩૦ દિવસની નોટીસ આપશે. નોટીસની મુદત પૂરી થતા સુધી ગ્રાહક પાસેથી કોઈ જવાબ ન આવે તો પરવાનેદાર છેલ્લા નાણાંકીય વર્ષમાં ગ્રાહકના એમ.ડી.આઈ.મીટરે દર્શાવેલ અધિકતમ ચાર રેકોર્ડીંગ ની સરેરાશ મુજબ ગ્રાહકની કરાર માંગ વધારવાની કાર્યવાહી શરૂ કરશે. આવા કેસમાં વધારેલી માંગ નિયમીત કરવા ગ્રાહક આ સંહિતાની જોગવાઈઓ અનુસાર લાગુ પડતા તમામ ખર્ચ ચૂકવવા જવાબદાર બનશે. આવા ખર્ચ મળતા વધારેલી માંગને સુધારેલી કરાર માંગ ગણવામાં આવશે અને કરારની બધી જોગવાઈઓ સુધારેલી કરાર માંગ માટે આવા ગ્રાહકોને લાગુ પડશે."

૨.૩ વાદીએ નાણાંકીય વર્ષ–૨૦૨૨–૨૩ માં સપ્ટેમ્બર–૨૨ માં ૧૨૧.૫, ઓકટોબર–૨૨ માં ૧૨૬.૦, જાન્યુઆરી–૨૩ માં ૧૧૮.૧ અને ફેબ્રુઆરી–૨૦૨૩ માં ૧૧૯.૯ વીજભારનો વપરાશ નોંધાયેલ છે. જે લેજરમાં પણ જોવા મળે છે. જે અન્વયે, સપ્લાય કોડ ની શરત ૪.૯૫ મુજબ વાદીને ૧૦૦ કિ.વો માંથી ૧૨૧.૩૭ કેવીએનો (એચ.ટી.કેટેગરી) વીજભાર વધારો કરવાનો થાય છે. વાદી વીજભાર વધારો કરવા માટે સુરેન્દ્રનગર શહેર–૨ પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૦૮/૦૫/૨૦૨૩ ના રોજ નોટીસ આપવામાં આવેલ હતી. જેની નકલ આ સાથે જોડેલ છે.

૨.૪ વાદીએ વર્ષ ૨૦૨૩–૨૪ માં માહે એપ્રિલ–૨૩ થી જાન્યુઆરી–૨૪ માં ડિમાન્ડ વધેલ નથી. જે લેજરમાં જોઈ શકાય છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૫ વાદીએ વીજભાર વધારા માટેની નોટીસ મળ્યા બાદ વીજભાર વધારવા માટે કોઈપણ અરજી કરેલ નહી હોવાથી સપ્લાય કોડની શરત.૪.૯૫ મુજબ અંદાજપત્ર આપવા માટેની કામગીરી કરવામાં આવેલ હતી.

૨.૫ સદર ગ્રાહકમાં એલ.ટી.માંથી એચ.ટી.વિજ જોડાણ કરવા માટે વર્તુળ કચેરી ખાતે ફાઈલ મોકલતા તેમના દ્વારા એસએનસી/ટેક–૧/૩૧૦૪ તા.૦૭/૧૦/૨૦૨૩ ના રોજ ૧૦૦ કિ.વો માંથી ૧૨૫ કેવીએ કરવા માટે મંજૂરી આપવામાં આવેલ હતી.

૨.૬ વાદીને વીજભાર કરતા વધુ વીજભારનો વીજ વપરાશ કરેલ હોવાથી વિભાગીય કચેરી દ્વારા પત્ર નં–એસએનડી/ટેક–૨/૩૯૭૦ થી તા.૧૧/૧૦/૨૦૨૩ ના રોજ વાદીને રૂા.૧૦,૩૦,૧૧૩/– નું અંદાજપત્ર આપવામાં આવેલ હતું. જે વાદીએ ભરવાનું થાય છે. જે આપ સાહેબશ્રીની જાણ સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી મે.સુંદરમ પ્લાસ્ટીક, ગ્રાહક નં–૭૨૬૦૧/૨૧૦૭૭/૦ થી ૧૦૦ કેવીએ નું ઔધોગીક વીજ કનેકશન જીઆઈડીસી ખાતે ધરાવે છે. તથા પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા લોડ વધારો કરીનેં રૂા.૧૦,૩૦,૧૧૩/– નું અંદાજપત્ર ભરવા જણાવતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ તા.૧૫/૦૩/૨૦૨૪ ના રોજ વાદીની અરજી અંગે રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ છે. જેમાં બંને પક્ષકારો હાજર રહયા છે અને તેમની રજૂઆતો કરેલ છે.

૩.૩ પ્રતિવાદીના જણાવ્યા મુજબ વાદી દ્વારા તેમના વીજ કનેકશનમાં વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન સપ્ટેમ્બર–૨૨ માં ૧૨૧.૫, ઓકટોબર–૨૨ માં ૧૨૬.૦, જાન્યુ–૨૩ માં ૧૧૮.૧, ફેબ્રુ–૨૩ માં ૧૧૯.૯ નો વીજભાર નોંધાયેલ છે. જેને ધ્યાને લઈને જીઈઆરસી ના સપ્લાય કોડની શરત નં–૪.૯૫ મુજબ વાદીને ૧૦૦ કેવીએ માંથી ૧૨૧.૩૭ કેવીએ (એચ.ટી.) નો ભાર વધારો કરવા પાત્ર થતા તા.૦૮/૦૫/૨૦૨૩ થી નોટીસ આપવામાં આવેલ છે. જે મળ્યા બાદ પણ વાદી દ્વારા લોડ વધારા અંગે કોઈ પ્રક્રિયા હાથ ન ધરાતા, પ્રતિવાદી દ્વારા વાદીને ૧૦૦ કેવીએ માંથી ૧૨૫ કેવીએ કરવા માટેનું અંદાજપત્ર નં–૩૯૭૦ તા.૧૧/૧૦/૨૦૨૩ થી રૂા.૧૦,૩૦,૧૧૩/– નું આપવામાં આવેલ છે.

૩.૪ રજૂ થયેલ રેકર્ડ અને રજૂઆતોને ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, પ્રતિવાદી દ્વારા વાદીના લોડ વધારા અંગેની કરવામાં આવેલ બીલીંગની કાર્યવાહી જીઈઆરસી ના સપ્લાય કોડ–૨૦૧૫ ની કલોઝ–૪.૯૫ મુજબ ની અને નિયમોનુસાર છે.

૩.૫ આ તબકકે ફોરમને જણાય છે કે, પ્રતિવાદી પીજીવીસીએલની વડી કચેરી, દ્વારા કોન્ટ્રેકટ લોડ થી વધુ લોડનો વપરાશ જણાતાં પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી GERC નો સપ્લાય કોડ ૪.૯૫ મુજબ ની યોગ્ય જણાય છે.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૬ આ તબક્કે પ્રતિવાદીની વડી કચેરી રાજકોટ ના પત્રન. ૧૯૧૦ તા. ૧૯.૦૩.૨૦૨૨ માં દર્શાવેલ સુચના ને પણ ધ્યાનમાં લેવામાં આવે છે જે નીચે મુજબ છે.

**" In such cases, we may allow such consumers with their current cotrract demand or contract demand within 100 KW by recovering differential fixed/demand charges for contract demand that would have been as per clause no. 4.95 of Supply Code and consumer desires to continue with the contract demand for period of two years i.e. agreement period. Afterwards, on single instance of excess drawl than contrct demand, consumer has to regularize its contract demand."**

૩.૭ ઉપરોક્ત મુજબની તમામ વિગતો અને પત્રવ્યવહાર તેમજ રજુઆતોને ધ્યાને લેતા અરજદારે પોતાનું વીજજોડાણ પીજીવીસીએલ દ્વારા અપાયેલ એસ્ટીમેટ ભરપાઈ કરીને ગણતરી કરેલ લોડ મુજબ રેગ્યુલરરાઈઝ કરવાનું રહેશે અથવા લોડ મુજબ બે વર્ષ નો મીનીમમ ચાર્જ ભરપાઈ કરીને, ઉપરોક્ત ૩.૬ ની વિગતે બાહેંધરીપત્ર રજુ કરી લોડ મેઈન્ટેનન કરવાનો રહેશે. આ સમગ્ર પ્રક્રિયા દિન – દસ માં પૂર્ણ કરવાની રહેશે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(બી.આર.વડાવીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૫/૦૩/૨૦૨૪.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.